**<u>સુરતના ૧૦માં અધિક ન્યાયિક મેજીસ્ટ્રેટ પ્રથમ વર્ગની કોર્ટમાં</u>**

ફોજદારી કેસ નં.૭૮૭૭૭/૨૦૨૩
આંક –

ફરિયાદી :– શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી :– ભરતભાઈ ઉર્ફે લાખા ઉર્ફે ભોપો બોઘાભાઈ સાઠીયા

**<u>ગુન્હો :– ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ તથા એમવી એકટની કલમ–૧૭૭ મુજબ</u>**

(૧) આરોપી સામે ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપી ગઈ તા. ૨૫/૦૬/૨૦૨૩ ના કલાક ૨૦/૩૦ થી કલાક ૨૧/૦૦ વાગ્યા દરમિયાન પોતાના કબ્જાની બ્લેક ફિલ્મ લગાવેલ વ્હાઈટ કલરની મારૂતી સુજુકી ફોરવ્હીલર જેનો રજી નં.GJ 05 JS 6054 નો છે તેમાં લાકડાનો ગોળાકાર ફટકો જેની લંબાઈ આશરે ૩૯ ઈંચ તથા પહોંળાઈ આશરે ૦૧ ઈંચ જેટલી છે તથા (૨) બ્લેક કલરના કવરમાં રાખેલ એક ચપ્પુની ધારવાળી જગ્યાની લંબાઈ આશરે ૭.૫ ઈંચ તથા પહોળાઈ આશરે સવા એક ઈંચની` તેમજ લાકડાવાળા હાથની લંબાઈ આશરે સાડા ચાર ઈંચ તથા પહોળાઈ આશરે સવા એક ઈંચની છે તે તથા (૩) બ્લેક કલરના કવરમાં રાખેલ એક ચપ્પુની ધારવાળી જગ્યાની લંબાઈ આશરે પોણા સાત ઈંચ તથા પહોળાઈ આશરે દોઢ ઈંચની છે તેમજ બ્લેક કલરનાં પ્લાસ્ટીકના હાથની લંબાઈ આશરે પાંચ ઈં ચ તથા પહોળાઈ આશેર બે ઈંચની છે તે રાખી મળી આવી પકડાઈ જઈ ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ તથા એમવી એકટની કલમ–૧૭૭ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે.

(૨) હાલના આરોપી અદાલત રૂબરૂ હાજર રહેલ અને તેઓને પોલીસ પેપર્સની નકલો આપેલી. આ કામે આરોપીએ કબુલાત પુરસીસ રજૂ કરેલ છે અને આરોપીનો જવાબ રેકર્ડ કરવામાં આવેલ, જેમાં આરોપીએ ગુનો કબુલ કરેલાનું જણાવેલ અને જણાવેલ છે કે, આ તેમનો પ્રથમ ગુનો છે તેમને ગુનો કર્યાનો પસ્તાવો છે અને આરોપી ગરીબ પરિસ્થિતિના છે જેથી

હળવી સજા કરવા રજુઆત કરેલ છે.

(૩) આરોપી તરફેની કબુલાત ધ્યાને લેતાં આરોપીએ સ્વૈચ્છાએ કબુલાત કરે છે. આરોપીની આ રાજીખુશીથી કરેલી કબુલાત હોઈ, તે નહી માનવા માટે કોઈ કારણ નથી. આરોપી તરફે રજુઆત કરવામાં આવેલ છે કે, તેઓને ગુનો કર્યા અંગેનો પસ્તાવો છે. ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ માં સજા અને દંડની જોગવાઈ છે અને એમ.વી. એકટની કલમ–૧૭૭ માં દંડની શિક્ષાની જોગવાઈઓ છે. આરોપી એવી રજુઆત કરે છે કે તેઓને ઓછામાં ઓછી સજા અને દંડ કરવામાં આવે કેમ કે જો તેઓને વધુ સજા અને દંડ કરવામાં આવશે તો તેઓના પરીવારજનોનું ભરણપોષણ થઈ શકે તેમ નથી. આ કેસની હકીકત ધ્યાને લેતાં તેમજ આરોપી તરફે રજુ થયેલ દલીલો અને સ્વૈચ્છીક કબુલાતને પણ ધ્યાને રાખતા નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**હુકમ**

આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતા ની કલમ–૨૫૨ અન્વયે ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ તથા એમવી એકટની કલમ–૧૭૭ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/– (અંકે રૂપિયા સો પૂરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે, અને દંડ ના ભરે તો દિન –૦૨ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલ ગાડી અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને જો કોઈ હુકમ કરવામાં ન આવેલ હોય તો સદર મુદામાલની માલિકીની ખરાઈ કરી મુળ માલિકને સોપવાનો હુકમ કરવામાં આવે છે. અન્ય મુદામાલનું અપીલ સમય વિત્યેથી નિયમાનુસાર નાશ કરવો.

હુકમ આજરોજ તા. ૯ મી સપ્ટેમ્બર સને ૨૦૨૩ ના રોજ રાષ્ટ્રીય લોક અદાલતમાં સ્પેશ્યલ સિટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સુરત.
તા.૦૯/૦૯/૨૦૨૩

(આશિમા ગર્ગ)
૧૦ માં અધિક ન્યાયિક મેજીસ્ટ્રેટ પ્રથમ વર્ગ,સુરત.
જીજે ૦૧૬૫૪